INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૯-૧૨-૨૦૨૪

મહેસાણા ખાતે નસબંધી કાંડમાં ભાજપ સરકારના બેજવાબદારી પણ અને જુઠ્ઠાણાનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ખ્યાતિ કાંડ બાદ મહેસાણા જીલ્લામાં નસબંધી કાંડનો ખુલાસો થયો છે. મજૂરીની લાલચમાં બે યુવકોની નસબંધી કરી દેવાતાં આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં આવ્યું છે. આ ઘટનામાં આરોગ્ય મંત્રી અને આરોગ્ય અધિકારીના નિવેદનમાં વિરોધાભાસ ઉભો થયો છે. આરોગ્યમંત્રીએ ખુલાસો કર્યો છે કે, નસબંધીના ઓપરેશનમાં કોઈ ટાર્ગેટ અપાતાં નથી. જ્યારે આરોગ્ય અધિકારીએ એવો ફોડ પાડ્યો કે, ટાર્ગેટ વિના આ બધુ શક્ય જ નથી. આરોગ્ય વિભાગનો પત્ર જ સરકારની પોલ ખોલી રહ્યું છે. અડાલજમાં ૨૯ પુરુષોની નસબંધી કરાઈ અને સાબરકાંઠામાં ૩૭૫ ઓપરેશનો ટાર્ગેટથી કરવામાં આવ્યાં છે. આ ખુદ વાત આરોગ્ય અધિકારી કબુલી રહ્યાં છે.

મહેસાણા નસબંધી કાંડમાં એકપછી એક મોટા ખુલાસા થઈ રહ્યાં છે. નસબંધી માટે ટાર્ગેટ, આરોગ્ય મંત્રી કહે છે 'ના', આરોગ્યમંત્રીશ્રીના જુઠ્ઠાણાનો પદાર્ફાશ કરતા સત્તાવાર તાલુકા આરોગ્ય અધિકારીનો પત્ર જ સ્વયમ સ્પષ્ટ છે કે નસબંધીના ઓપરેશન અંગે ટાર્ગેટ આપવામાં આવે છે અને તે બાબતે તાલુકા કક્ષાએ સતત ફોલોઅપ કરવામાં આવે છે, મહેસાણા જીલ્લામાં મજૂરીની લાલચમાં બે યુવકોની નસબંધી કરી દેવાયા, અપરિણિત યુવકની નસબંધી કરવાની ગંભીર ઘટના સામે આવી છે, ભાજપ સરકારમાં આરોગ્ય વિભાગ ભ્રષ્ટાચારનું એ.પી. સેન્ટરની જેમ એક પછી એક કાંડ અને કૌભાંડો સામે આવી રહ્યાં છે છતાં આરોગ્ય વિભાગના સત્તાધીશોના પેટનું પાણી પણ હાલતુ નથી. કોરોના જેવી મહામારીના સમયમાં પણ મોટા પાયે ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હતો સાથોસાથ નકલી રેમડીસીવર ઈન્જેકશન સહિત નકલી વેન્ટીલેટરે અનેક જીવનને જોખમમાં મુક્યાની અનેક ઘટનાઓ સામે આવી હતી પણ સરકારે હંમેશા કોઈપણ દુર્ઘટના બને પછી સબ સલામતની વાતો કરીને લીપાથોપી કરે છે. તાજેતરમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ ખ્યાતિ કાંડમાં બે નાગરિકોએ જીવ ગુમાવ્યા, આયુષ્યમાન કાર્ડ હેઠળ રાજ્યમાં અનેક ખાનગી હોસ્પિટલો ભાજપા સરકારની સાંઠગાંઠથી ભ્રષ્ટાચાર કરી રહી છે અને સરકારી તિજોરીને મોટા પાયે ચુનો લગાવે છે જ્યારે માનવ જીંદગી મોતમાં ધકેલાય છે છતાં આરોગ્ય મંત્રીશ્રી દરેક કાંડ અને કૌભાંડ એ ભાજપા સરકારની વિશિષ્ટ સિધ્ધી હોય તેમ ગુણગાન ગાતા હોય છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોંધઃ નસબંધી માટે અપાયેલા ટાર્ગેટનો આરોગ્ય વિભાગનો પત્ર આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**